

રેલવે સુવિધાઓ પુનઃસ્થાપિત કરવા જેતલસર જંક્શનના મુદ્દે ચાલતાં અનશન આંદોલનમાં બે મહિલાની તબીયત લથડી હતી.

આમરણાંત ઉપવાસના ચોથા દિવસે મક્કમ લડતનો નિર્ધાર

જેતલસર જંક્શન બચાવો આંદોલનમાં બે મહિલા આગેવાનની તબિયત લથડી

જેતલસર,તા.૨૦

જેતલસર જંક્શનની છીનવાયેલી રેલવે સુવિધાઓ પુનઃસ્થાપિત કરવાની માગ સાથે શરૂ થયેલું આંદોલન હવે આરપારની લડાઈ તરફ આગળ વધી રહ્યું છે. આમરણાંત ઉપવાસના ચોથા દિવસે સતત અન્ન-જળનો ત્યાગ કરવાને કારણે બે મહિલા આગેવાનોની તબિયત લથડી હતી. બંનેને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે જેતપુરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જોકે, સારવાર બાદ ફરી ઉપવાસ છાવણીમાં જોડાઈને લડતને ઉગ્ર બનાવવાની મક્કમતા વ્યક્ત કરી છે.

રેલવેના ડીસીએમ દોડી આવ્યા પણ ટ્રેન-ડ્રાઈવરો 'પોતે ફરીથી જેતલસર ખાતે ફરજ પર આવવા માંગે છે' એવા સંમતિપત્રની શરત મુકતાં નવો વિવાદ

જેતલસર જંક્શન બચાવો સમિતિના નેજા હેઠળ છેલ્લા ચાર દિવસથી આમરણાંત ઉપવાસ આંદોલન શરૂ અચાનક લથડી પડી હતી. જેને પગલે ઉપવાસ છાવણીમાં દોડધામ મચી ગઈ હતી અને બંનેને તાત્કાલિક સ્થાનિક સ્તરે પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

બીજી તરફ આજે આંદોલનની ગંભીરતાનો અહેસાસ થતાં ભાવનગર ડિવિઝનના રેલવે ડીઆરએમ અતુલ ત્રિપાઠી જેતલસર દોડી આવ્યા હતા. તેમણે ઉપવાસીઓ અને સ્થાનિક આગેવાનો સાથે મુલાકાત કરી માંગણીઓ અંગે ચર્ચા કરી હતી. આ બેઠકમાં તેમણે એવો પ્રસ્તાવ મૂક્યો હતો કે, જેતલસર જંક્શનના રેલવે ડ્રાઈવરો ફરી અહીં ફરજ બજાવવા માગે છે તેવું લેખિતમાં આપે તો પ્રક્રિયો ઉકેલ શક્ય બની શકે છે. જો કે, આ પ્રસ્તાવથી વિવાદ શમવાને બદલે વધુ ઘેરાયો છે.

ઉપવાસીઓ અને સ્થાનિક વર્તુળોએ આક્ષેપ કર્યો કે, જેતલસર જંક્શન સાથે સંકળાયેલા મોટાભાગના રેલવે ડ્રાઈવરો પરમાંતીય છે. રેલવેના જ કેટલાક અધિકારીઓ દ્વારા તેમાંને પહેલેથી જ દબાણમાં લાવીને ડરાવી-ધમકાવી દેવામાં આવ્યા હોવાથી જેતલસર પરત આવવા માટે લેખિતમાં આપવા તૈયાર થશે નહીં. આમ, તંત્ર દ્વારા ડ્રાઈવરોના લેખિત પત્રની શરત મૂકીને પ્રશ્નને ગૂંચવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

રેલવે બાબુઓના 'દેખાડવા-ચાવવાના દાંત જુદા'

ઉપવાસી આગેવાનોએ રેલવે તંત્રની કાર્યપદ્ધતિ સામે ભારે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જેતલસર જંક્શનમાંથી સુવિધાઓ છીનવી લેનારા રેલવે બાબુઓના 'દેખાડવાના અને ચાવવાના દાંત જુદા' છે. એક તરફ સમાધાનની વાતો કરવામાં આવે છે અને બીજી તરફ આડકતરી શરતો મૂકીને ઉપવાસીઓની વ્યાજબી માંગણીઓને ઠેબે ચડાવવામાં આવી રહી છે.

..તો આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે

સ્થાનિક આગેવાનો અને જેતલસર જંક્શન બચાવો સમિતિનું સ્પષ્ટ કહેવું છે કે, જ્યાં સુધી સ્થાનિક અધિકારીઓની મનમાની પર લગામ કસીને ઉચ્ચ રેલવે તંત્ર આ પ્રશ્ને ગંભીરતાથી રસ નહીં દાખવે, ત્યાં સુધી જેતલસર જંક્શનના પ્રશ્નોનો કાયમી ઉકેલ આવી શકે તેમ નથી. આગામી દિવસોમાં જો તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આંદોલનને વધુ ઉગ્ર બનવવામાં આવશે.

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈ-વે ઉપર ટેન્કર સાથે લકઝરી બસ અથડાઈ

ધોરાજીથી સુરત જતી ખાનગી બસને અકસ્માત; ડ્રાઈવર-ક્લીનરના મોત, ૩૫ જાનૈયા ઘાયલ

ધોરાજી, ભરૂચ, તા.૨૦

ધોરાજીથી સુરત જતી ખાનગી લકઝરી બસને દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈ-વે ઉપર ગંભીર અકસ્માત નડતા બસના ડ્રાઈવર અને ક્લીનરના કમકમાટીભર્યા મૃત્યુ નિપજ્યા હતા. જ્યારે ૩૫ જેટલા જાનૈયાઓને ગંભીરઈજા થતાં સારવાર માટે ભરૂચની સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વહેલી સવારે સર્જાયેલા અકસ્માતના પગલે એક્સપ્રેસ-હાઈ-વે ઉપર ટ્રાફિક જામ સર્જાયો હતો.

ધોરાજીના પરિવારની જાનની બસને અકસ્માત નડતા હાઈ-વે મરણચીસોથી ગાજી ઉઠ્યો, ઈજાગ્રસ્તો સારવાર અર્થે ભરૂચની હોસ્પિટલમાં ખસેડાયા: ઘટનાના પગલે ટ્રાફિકજામ



દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર ભરૂચ જિલ્લાના દેરોલ ગામ નજીક આજે વહેલી સવારે જનૈયાઓ ભરેલી લકઝરી બસ અને રોડની સાઈડમાં ઊભેલા ટેન્કર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. (તસવીર : જિગ્નેશ પટેલ)

ભરૂચ જિલ્લાના દેરોલ ગામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેની સાઈડમાં ટેન્કર ઊભું હતું.તે સમયે વાડોદરી સુરત તરફ જતી જાનૈયા ભરેલી લકઝરી બસના ચાલકે અચાનક ઊભેલા ટેન્કર સાથે બસ અથાડવી દીધી હતી.અકસ્માતમાં લકઝરી બસનો આગળના ભાગનો કચ્ચરઘાણ નીકળી વળી ગયો હતો અને મુસાફરોની ચીચીયારીથી ધોરાજીમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માતમાં બસના ચાલક નવીન દાના ભારાઈ અને ક્લીનર રમેશ ગોવિંદ સોલંકીનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. બસમાં સવાર ૩૫થી વધુ જાનૈયાઓને ઈજા થઈ હતી. જેમાં ૩ નાના બાળકો સહિત મહિલા અને પુરુષનો સમાવેશ થાય છે.૧૦૮ મારફત તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ભરૂચની સિવિલ હોસ્પિટલમાં ખસેડવા હતા.વહેલી સવારે મોટી સંખ્યામાં દર્દીઓ આવતા સિવિલ હોસ્પિટલ ઈજાગ્રસ્તોથી ભરાઈ ગઈ હતી.ભરૂચ તાલુકા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ડાઉન મેઈન લાઈનની કામગીરીને કારણે નિર્ણય

રાજકોટ-પોરબંદર પેસેન્જર ટ્રેન ૩૫ દિવસ ભક્તિનગરથી દોડશે

રાજકોટ,શુક્રવાર

રાજકોટ રેલવે સ્ટેશનના યાર્ડમાં વિકાસકાર્યો હાથ ધરવામાં આવનાર હોવાથી રાજકોટ-પોરબંદર પેસેન્જર ટ્રેનના સંચાલનમાં ફેરફાર કરવામાં આવ્યો છે. રાજકોટ-પોરબંદર-રાજકોટ પેસેન્જર ટ્રેન નંબર ૫૫૫૪/૫૫૫૩ ૦ હવે તા.૨૪ નવેમ્બરથી તા.૨૮ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી રાજકોટને બદલે ભક્તિનગર સ્ટેશનથી દોડશે.

૨૪ નવેમ્બરથી ૨૮ ડિસેમ્બર સુધી રાજકોટથી ભક્તિનગર વચ્ચે રેલ પરિવહન કેન્સલ રાખીને ટ્રેનનું આંશિક સંચાલન

પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ સ્ટેશનના યાર્ડમાં ડાઉન મેઈન લાઈન પર બાકી રહેલા વિકાસકાર્યો પૂર્ણ કરવા માટે લાઈન નંબર-૪ પર નિર્ધારિત બ્લોક લેવામાં આવનાર છે. આ કામગીરીને ધ્યાનમાં રાખીને ટ્રેનના પ્રારંભિક અને અંતિમ સ્ટેશનમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ફેરફારને પગલે ૨૪ નવેમ્બરથી ૨૮ ડિસેમ્બર સુધીના ૩૫ દિવસમાં ટ્રેન તેના નિર્ધારિત સંચાલન દિવસોએ ભક્તિનગર સ્ટેશનથી મુસાફરી શરૂ કરશે અને ભક્તિનગર સ્ટેશન પર જ મુસાફરી પૂર્ણ કરશે. પરિણામે રાજકોટથી પોરબંદર તરફ જવા અથવા પોરબંદરથી રાજકોટ આવવા આ ટ્રેનનો ઉપયોગ કરતા મુસાફરોએ ભક્તિનગર સ્ટેશન સુધી પહોંચવાની વ્યવસ્થા કરવી પડશે.

IN THE HIGH COURT OF DELHI AT NEW DELHI
Notice Under Order V Rule 20 Code of Civil Procedure
Case No. FAO (COMM) 171/2025
Appeal Against order dated 24.04.2025
Passed By Ms. Kiran Bansal, District Judge, Commercial Court-02, Shahdara District, Karkardooma Courts, Delhi
In Case No CS (COMM) 128/25
SBC MINERALS PRIVATE LIMITED .....Appellant/s
Vs.
SANDY CLAY PRODUCT & ANR .....Respondent/s

Notice to R-1,2
1. SANDY CLAY PRODUCT, THROUGH ITS PARTNERS, OFFICE AT: SURVEY NO. 111,112,119 (P) AT GULAB NI MUVADI, AHEMDABAD-MODASA HIGHWAY, NEAR SALATPUR C HOKADI, SABAR KANTHA, TALOD, GUJARAT-383215 ALSO AT: LAKADDHAR ROADAT, LAKADHARTA WANKANER, MORBI, GUJRAT-363641. E-MAIL: kethostile@gmail.com
2. SANJAY PATEL, PARTNER OF SANDY CLAY PRODUCT OFFICE AT: SURVEY NO. 111, 112, 119 (P) AT GULAB NI MUVADI, AHEMDABAD-MODASA HIGHWAY, NEAR SALATPUR C HOKADI, SABAR KANTHA, TALOD, GUJARAT-383215 ALSO AT: LAKADDHAR ROADAT, LAKADHARTA WANKANER, MORBI, GUJRAT-363641. EMAIL: kethostile@gmail.com
Whereas the above noted appellant has presented an appeal under Section 13 of Commercial Courts Act, 2015 R/w Order 43 Rule 1 of Code of Civil Procedure, 1908 which was listed before the Court on 07.07.2025 and the Court ordered issuance of notice to you. And whereas it has been proved to the satisfaction of the Court that you cannot be served in the ordinary manner. Notice is hereby issued that if you wish to defend the above mentioned appeal you may cause an appearance to be entered on your behalf either in person or through an advocate duly appointed by you for the purpose before the **Joint Registrar (Judicial) on 02.12.2026 at 11:00 A.M.**
If no appearance is made on your behalf, by yourself, your pleader or someone by law authorized to act for you in the said appeal on the aforementioned date, no further notice of the subsequent date of hearing of the said appeal will be given and the same will be heard and determined exparte in your absence.
Given under my hand and seal of this Court, this the **23rd day of September 2026.**
Assistant Registrar for Registrar General

એક્સટર્નલ વિદ્યાર્થીઓ માટેની

ધો.૧૦-૧૨ની ખાસ બોર્ડ પરીક્ષા ૧૬૦થી વધુ જિલ્લા કેન્દ્રોમાં લેવાશે

અમદાવાદ,શુક્રવાર

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા આ વર્ષે પ્રથમવાર ધો.૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહની ખાસ બોર્ડ પરીક્ષા એક્સટર્નલ-ખાનગી વિદ્યાર્થીઓ માટે લેવામા આવી રહી છે. ૩૦ નવેમ્બરથી શરૂ થનારી આ ખાસ બોર્ડ પરીક્ષા વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાન રાખીને રાજ્યના તમામ જિલ્લાના મુખ્ય કેન્દ્રો પર લેવાશે અને જે અંદાજે ૧૬૦થી વધુ કેન્દ્રોમાં લેવાશે.

પ્રથમવારની આ ખાસ બોર્ડ પરીક્ષા ૩૪ હજારથી વધુ વિદ્યાર્થીઓ માટે ૩૦ નવેમ્બરથી શરૂ થશે

ગુજરાત બોર્ડ દ્વારા દર વર્ષે ફેબ્રુ-માર્ચમાં ધો.૧૦,૧૨ સામાન્ય પ્રવાહ અને ૧૨ સાયન્સ માટે મુખ્ય જાહેર બોર્ડ પરીક્ષા લેવાય છે ત્યારબાદ જુન-જુલાઈમાં પૂરક પરીક્ષા લેવામા આવે છે.પરંતુ હવે પ્રથમવાર ગુજરાત બોર્ડ દ્વારા નવેમ્બર-ડિસેમ્બરમાં ખાસ બોર્ડ પરીક્ષા લેવાઈ રહી છે.જે સ્ટેટ ઓપન સ્કૂલિંગ હેઠળના એક્સટર્નલ વિદ્યાર્થીઓ માટે લેવાઈ રહી છે. ૩૦ નવેમ્બરથી શરૂ થનારી આ પરીક્ષા માટે ૩૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે.જેમાં ધો.૧૦માં ૨૯ હજારથી વધુ અને ધો.૧૨માં પાંચ હજારથી વધુ વિદ્યાર્થીઓ છે.

કુલ ૩૪ હજારથી વધુ વિદ્યાર્થીઓમાં યુવકોની સંખ્યા યુવતીઓની સરખામણીએ વધુ છે અને અનેક ઉમેદવારો એવા છે કે જેઓ ૨૦થી વધુ વયના પણ છે. બોર્ડ દ્વારા આ પરીક્ષા મુખ્ય જિલ્લા કેન્દ્રોમાં લેવાશે. દરેક જિલ્લામાં પાંચ જેટલા કેન્દ્રો રહેશે એટલે કે અંદાજે ૧૬૦થી વધુ જિલ્લા કેન્દ્રોમાં પરીક્ષા લેવાશે. આ ખાસ બોર્ડ પરીક્ષાની આખરી તૈયારી માટે આજે બોર્ડ દ્વારા પરીક્ષા સંચાલક અને જિલ્લાના અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ કરવામા આવી હતી.આ પરીક્ષાનું પરિણામ ડિસેમ્બર અંત સુધી કે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ સુધીમાં જાહેર કરી દેવાશે.

વાસાવીરા સોસાયટીમાં તસ્કરોનો તરખાટ

જામનગરમાં દિનદહાડે ફ્લેટમાંથી રૂા.૨૨ લાખની માલમત્તાની ચોરી

જામનગર, તા. ૨૦

જામનગર શહેરની વાસાવીરા સોસાયટી વિસ્તારમાં આવેલા માધવ પેલેસ એપાર્ટમેન્ટમાં તસ્કરોએ બીજા દિવસે ફ્લેટને નિશાન બનાવી રૂ. ૨૨ લાખની માલમત્તાની ચોરી કરતાં ચકચાર મચી ગઈ છે.

કબાટના લોક તોડી સોનાના દાગીના, રોકડની ઉઠાંતરી

વાસાવીરા સોસાયટી, શેરી નંબર-૩માં આવેલા માધવ પેલેસ એપાર્ટમેન્ટ-૨ના ફ્લેટ નં.૨૦૧માં રહેતા વિશાલ મસરીભાઈ છુણજ (ઉ.વ. ૨૯)એ સિટી સી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, સવારે ૧૦.૩૦થી સાંજે ૭.૩૦ વાગ્યા દરમિયાન તસ્કરોએ તેમના ફ્લેટના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ રૂમમાં આવેલા કબાટનું લોક તથા બાનાંના લોકતોડી તેમાંરાખેલા સોનાના દાગીનાતેમજ રૂા. ૨૫,૦૦૦ રોકડા મળી કુલ રૂ. ૨૨,૦૮,૪૦૦ની મત્તા ચોરી કર્યાં તસ્કરો નાસી ગયા હતા. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગ્રામ્ય વિસ્તારમાં સાત સિંહોના પરિવારનો વસવાટ

બાબરામાં એરંડાના પાકમાં છૂપાઈને વનરાજે ગાયનો શિકાર કરતાં ફફડાટ

બાબરા,તા.૨૦

અમરેલી જિલ્લામાં ધારી બગસરા, કુંકાવાવ, વડીયા વિસ્તારમાં વનરાજો અવારનવાર આંટાફેરા મારીને શિકાર કરી જાય છે. હવે આ વનરાજો છેક બાબરા સુધી પહોંચી ગયા છે. અહી એક ખેડૂતના એરંડાના ખેતરમાં સિંહે પડાવ નાખી ગાયનો શિકાર કરતા ખેડૂતો અને માલધારીઓમાં ભય વ્યાપી ગયો છે.

૫ઢા પંથકમાંથી પરિભ્રમણ કરતાં કરતાં છેક બાબરા સુધી આવી પહોંચ્યો,ગ્રામ્ય પંથકમાં સિંહોનો ચાર વર્ષથી પડાવ

બાબરા ત્રણેક લાલજભાઈ પરવાડિયાની વાડીમાં એક સિંહે પડાવ નાખ્યો હતો. વાડીમાં એરંડાના પાકની વચ્ચે સંતાઈને બેઠેલો સિંહ વહેલી સવારે એક ગાયનું મારણ કરતાં વિસ્તારમાં સિંહની હાજરીને લઈને ચિંતાનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં બાબરા ફોરેસ્ટ વિભાગના આર.બી. ડેકારિયા સહિતના સ્ટાફ દ્વારા વાડીમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. એરંડાના ખેતરમાં સંતાઈને બેઠેલો સિંહ નજરે પડતાં ફોરેસ્ટ વિભાગનો સ્ટાફ સતર્ક બન્યો હતો. હાલ સિંહની હિલચાલ પર સતત વૉચ રાખવામાં આવી રહી છે. ફોરેસ્ટ વિભાગના જણાવ્યા અનુસાર આ સિંહ ૫ઢા વિસ્તારનો નરસિંહ હોવાનું જાણવા મળ્યું છે અને તે ભ્રમણ કરતો અહીં આવી પહોંચ્યો છે.

ઉલ્લેખનીય છે કે બાબરા તાલુકાના ખંભણા, નાની કુંડલ, સાલેમપર ડુંગર અને ઈશ્વરીયા સહિતના વિસ્તારોમાં છેલ્લા ચાર વર્ષથી સિંહ પરિવારનો વસવાટ છે. જેમાં એક નર, બે પાઠા, એક માદા અને બે બચ્ચાં સહિત અંદાજે સાત સિંહનો પરિવાર આ વિસ્તારમાં વસવાટ કરી રહ્યો હોવાનું ફોરેસ્ટ વિભાગે જણાવ્યું છે.

કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિના લીરા ઉડ્યા

રાજકોટમાં સાંજે માત્ર બે જ કલાકમાં પરિણીતા અને યુવાનની ઘાતકી હત્યા

રાજકોટ, શુક્રવાર

રાજકોટમાં શુક્રવારે કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિના લીરેલીરા ઉડ્યા હતા. સાંજે માત્ર બે કલાકમાં હત્યાની બે-બે ઘટનાઓથી ભય ફેલાયો હતો. મોરબી રોડ પર પતિએ પત્નીની હત્યા કર્યાની ઘટનાના થોડા સમય પછી જ ગાંધીગ્રામ વિસ્તારમાં એક યુવકની હત્યા થઈ હતી. હત્યાની આ બંને ઘટનાઓથી બી-ડિવિઝન, ગાંધીગ્રામ પોલીસ સાથે ક્રાઈમ બ્રાંચની ટીમો દોડતી થઈ ગઈ હતી.

ચારિત્ર્યની શંકા સહિતના કારણોથી પતિએ પત્નીના ગળામાં છરીના આઠ ઘા ઝીંકી ઝેરી દવા પી લીધી



રાજકોટમાં હત્યાના બે બનાવમાં મૃતક શારદાબેન અને મનિષની ફાઈલ તસ્વીર.

મોરબી રોડ પરના વેલનાથપરામાં આવેલી સ્કાય રેસિડેન્સી-૧માં રહેતી શારદાબેન (ઉ.વ.આ.૫૦)ની આજે સાંજે ખુદ તેના પતિ પ્રવિણ ઉકાભાઈ પરસોડા (ઉ.વ.૫૨)એ છરીના ઘા ઝીંકી ક્રૂરતાપૂર્વક હત્યા નિપજાવ્યાનો બનાવ જાહેર થતાં બી-ડિવિઝનના પીઆઈ ચૌહાણ સ્ટાફના માણસો સાથે સ્થળ પર પહોંચી ગયા હતા.

પોલીસે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે શારદાબેનના ગળામાં જ મુખ્યત્વે છરીના આઠેક ઘા ઝીંકાયા હતા. જેને કારણે ગળામાં પાંચ અને ચાર ઈંચના ઊંડા ઘા પડી ગયા હતા. તેના પરથી ખુન્નસથી આ ઝીંકાયાનું સ્પષ્ટ થયું હતું. પોલીસને એવી માહિતી પણ મળી હતી કે શારદાબેનના ચારિત્ર્ય ઉપર પતિ પ્રવિણ શંકા કરતો હતો. આ ઉપરાંત બીજા નાની-મોટી બાબતોએ પણ બંને વચ્ચે માથાકૂટ થતી રહેતી હતી.

વળી પ્રવિણ કોઈ કામધંધો પણ કરતો ન હતો. આજે સાંજે ઘરે આવ્યો ત્યારે પોતાની દવા બાબતે માથાકૂટ થયા બાદ પુનવધૂ કાજલને ઘરની બહાર મોકલી દીધા પછી બારણું બંધ કરી પત્ની ઉપર છરીથી તૂટી પડ્યો હતો. હત્યા કર્યા બાદ બારણું ખોલી બહાર નીકળ્યો ત્યારે તેના મોઢામાંથી ફીણ નીકળતા હતા. જેના પરથી હત્યા પછી પોતે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યાનું તારણ નીકળ્યું હતું. મકાનમાંથી જંતુનાશક દવાની બોટલ પણ પોલીસને મળી આવી હતી.

પોલીસે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે શારદાબેન અને મનિષની ફાઈલ તસ્વીર. મળી આવી હતી.

આ સિવિલમાં તેનીબી-ડિવિઝન પોલીસ સાથે ક્રાઈમ બ્રાંચે પણ શોધખોળ શરૂ કરી હતી. થોડા કલાકો બાદ ગોંડલ ચોકડી પાસેથી ઝડપાઈ ગયો હતો. દવા પણ પી લીધાની શકયતા હોવાથી પોલીસ હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ પુછપરછ કરે તેવી સંભાવના છે.

ગાંધીગ્રામ વિસ્તારમાં સંભવતઃ સામે જોવા બાબતે બબાલમાં છરીના ઘા ઝીંકી યુવકને મોતને ઘાટ ઉતાર્યો

ઢોર વાહનમાં બેસી ગોંડલ પહોંચ્યાની માહિતી પોલીસને મળી છે. તેની પુછપરછ પછી હત્યા પાછળનું ચોકકસ કારણ બહાર આવશે.

તેને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. ત્રણેય પરિણિત છે. હાલ મોટાપુત્ર મયુર સાથે રહેતા હતા. નાનો પુત્ર દર્શિત અલગ રહે છે. બી-ડિવિઝન પોલીસે વધુ તપાસ જારી રાખી હતી.

ગાંધીગ્રામ પોલીસ મથકની હકમાં હત્યાની બીજી ઘટના બની હતી. પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીગ્રામ શેરી નં.૧૨માં રહેતો અને ટિફિન સર્વિસ સાથે ડ્રાઈવિંગનું કામ કરતો મનિષ નરેન્દ્રભાઈ પરમાર (ઉ.વ.૩૮) મોડીસાંજે આઠેક વાગ્યે એસ.કે. ચોકમાં મકબુલ પાન નામની દુકાન પાસે બેઠો હતો ત્યારે ગાંધીગ્રામ મેઈન રોડ પર રહેતો ગની મેમણ ત્યાં આવ્યો હતો. તેણે જાહેરમાં કંઈ કારણસર ગાળાગાળી કરી હતી. ત્યારબાદ જતો રહ્યો હતો. થોડીવાર બાદ છરી લઈ પરત આવી મનિષને સામાન્ય સહિતના ભાગ પર બે ઘા ઝીંકી દેતાં તેનું મોત નિપજ્યું હતું.

હત્યાનો ભોગ બનનાર મનિષને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. જ્યાં હત્યા થઈ ત્યાં તેની રોજની બેઠક છે. જોકે કયા કારણથી હત્યા થઈ તે વિશે પોલીસને કોઈ ચોકકસ માહિતી મળી નથી. મૃતકના ભાઈ કિશને ગની સાથે થયાજાર ઝઘડો પણ હોવાનું અને સામે જોવા જેવી બાબતે વહેલી માથાકૂટમાં હત્યા કર્યાનું જણાવ્યું હતું. ગાંધીગ્રામ પોલીસે આરોપીઓની શોધખોળ શરૂ કરીછે. આરોપીઓ હાથમાં આવ્યા બાદ ચોકકસ કારણ બહાર આવશે.

આરોપી ગની સાયકર ઢોકળા કેસમાં એકાદ માસ પહેલા જ જેલમાંથી છુટ્યાનું પણ જણાવાયું છે.

આદમખોર સિંહણ ખેડૂતનાં શરીરનો અમુક ભાગ ખાઈ જતાં અરેરાટી

વિસાવદરના રબારીકામાં ખેતી કામ કરતા પ્રૌઢને સિંહણે શિકાર બનાવ્યા

જૂનાગઢ, તા.૨૦

આજે બપોરના સુમારે વિસાવદર તાલુકાના રબારીકા ગામની સીમમાં વન્યજીવ- માનવ સંઘર્ષની હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. ગામની સીમમાં હકુભાઈ ભીખાભાઈની વાડીમાં ભાગીયું રાખી મહેનત-મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા વેલજીભાઈ નાગજીભાઈ ટાકણ (ઉ.વ. ૫૦) પર સિંહણે હુમલો કરી તેમને ફાડી ખાતાં શોક અને ભયનો માહોલ છવાઈ ગયો છે.

પાકમાં પાણી વાળતા હતા ત્યારે સિંહણ ઢસડીને ૧૦૦ મીટર દૂર લઈ ગઈ હતી, એક પગ મળી આવ્યા બાદ મૃત્તદેહ હાથ લાગ્યો

આ વિશે વનવિભાગના જણાવ્યા મુજબ, વેલજીભાઈ આજે બપોરે ખેતરમાં ઊભેલા તુવેરના પાકમાં પાણી વાળવાની કામગીરી કરી રહ્યા હતા તે દરમિયાન અચાનક પાસી આવેલી સિંહણે તેમના પર હુમલો કર્યો હતો. અને તેમનો મૃતદેહ પછી ૧૦૦ મીટર દૂર ઢસડી લઈ જઈ શરીરનો અમુક ભાગ ખાઈ ગઈ હતી. બપોર બાદ ખેતરની કામગીરી પૂર્ણ થઈ હોવા છતાં વેલજીભાઈ ઘરે પરત ન ફરતા અને ફોન પર સંપર્ક ન થતા પરિવારજનો ચિંતિત બન્યા હતા. પરિવારજનો વાડીએ પહોંચ્યા અને શોધખોળ હાથ ધરી ત્યારે ખેતરમાંથી તેમનો એક પગ મળી આવતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું અને સમગ્ર વાડી વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. ઘટનાની જાણ થતાં આસપાસના ખેડૂતો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઢસડી જવાના નિશાનને અનુસરીને તપાસ કરતા વેલજીભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. ત્યારબાદ વન વિભાગને જાણ કરવામાં આવતાં સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે વિસાવદર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ગ્રામજનોના જણાવ્યા મુજબ, આ સિંહણ છેલ્લા બે-ત્રણ દિવસથી રબારીકાની સીમ વિસ્તારમાં આંટાફેરા મારી રહી હતી. એક નિર્દોષ વ્યક્તિનો ભોગ લેવાયા બાદ વન તંત્ર સિંહણને પકડવા માટે પાંજરા ગોઠવવાની કામગીરી કરી રહ્યું છે. આમ, વન્યપ્રાણીની રંજકથી ખેડૂતોની ઊંઘ હરામ થઈ ગઈ છે.

5 BHK મકાન વેચવાનું છે
દરેક પ્રકારના બિઝનેસ માટે હોસ્પિટલ, હોસ્ટેલ, ઓની ભાઇઓ, કોર્પોરેટ ઓફિસ, બંગલો બનાવા માટે બેસ્ટ જગ્યા
Mo. 99988 21602

આરોપા મેડિકલ ટ્રસ્ટ અને ડો.ગણાત્રા હોસ્પીટલના સહયોગથી
તદ્દેવારોની મજા મોહક સ્મિત સાથે
હવે નિષ્ણાંત ઓર્થોડોન્ટિસ્ટ દ્વારા
વાકાં ચુકા દાંત માટે ક્લીપ/બ્રેસીસથી થશે સંપૂર્ણ ટ્રીટમેન્ટ
માત્ર રૂા. 18000
કોઈપણ છુપા કે વધારાના ચાર્જ વિના
એપોઈન્ટમેન્ટ માટે 79844 55784
ડો.ગણાત્રા હોસ્પીટલ,બસ સ્ટેશન સામે, ઢેબર રોડ, રાજકોટ

Gandhinagar Railway and Urban Development Corporation Limited (GARUD)
Block No. 3, 3rd Floor, E1-Wing, Karmayogi Bhavan, Sector 10 A, Gandhinagar-382010 (Gujarat)
Online Tender Notice No. 944 of 2026-2027
Gandhinagar Railway and Urban Development Corporation (GARUD), invites **Tender for Selection of Agency for Supply, Installation, Testing and Commissioning of Pigeon Net at Mahatma Mandir Convention and Exhibition Centre, Gandhinagar.**
Bidders are requested to visit **https://tender.nprocure.com (Tender)** for eligibility criteria, downloading the tender document and more details. The last date of submission of tender will be **28.11.2026 upto 1500 Hrs.**
Joint Managing Director
GARUD
Date : 21.11.2026 Email : garud.gandhinagar@gmail.com

ઈ-હરાજીની તારીખ અને સમય
તારીખ : ૨૩.૧૨.૨૦૨૬
સમય : બપોરે ૦૨.૦૦ થી ૦૩.૦૦
ઈ-હરાજી વેચાણ નોટીસ
ROSARB : પહેલો માળ, બીઓબી બિલ્ડીંગ, એમ.જી. રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧
E-mail : SARRAJ@bankofbaroda.bank.in
(ફક્ત ઓફલાઈન ઈ-હરાજી દ્વારા વેચાણ નોટીસ (મિલકત) વિશે)
સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (સરફેસી એક્ટ, ૨૦૦૨) અને ૨ (૧) અને ૮ (૬) ના પંચાણ હેઠળ જાહેર જનતા અને ખાસ કરીને ઋણધારક(ઓ) અને જામીનદાર(ઓ) ને નીચે વર્ણવેલ મિલકતો ઈ-હરાજી મારફતે વેચાણ કરવા માટે ઓથોરાઈઝ્ડ ઓફિસર દ્વારા કબ્જો લેવામાં આવ્યો છે જે બેંક ઓફ બરોડા, રાજકોટ (ROSARB) ને બોજા સામે વેચવામાં આવશે.
આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ઋણકર્તા (ઓ), મોર્ગેજર (ઓ) અને જામીનદાર (ઓ) ને ખાસ કરીને નોટીસ આપીને જણાવવામાં આવે છે કે મિલકતો પર **બેંક ઓફ બરોડાના** મોર્ગેજ / ચાર્જ કરેલી છે અને તેનો સાંકડી ઈ-હરાજી તારીખે **બેંક ઓફ બરોડાના** અધિકૃત અધિકારી દ્વારા કબ્જો લેવામાં આવ્યો છે અને **"જેમ છે તેમ છે" અને "જે રીતે છે તે રીતે છે"** ઈ-હરાજીથી વેચાણ કરશે. અણકાર્તા(ઓ) / જામીનદાર(ઓ) / મોર્ગેજર(ઓ) / સંપતિઓ / બાકી લેણાં / બેનામત કિંમત/ ઈ-હરાજી તારીખ અને સમય, ઈ.એમ.ડી. તથા બીડ વધારાની રકમ નીચે મુજબ છે.

**નિલકતોની વિગતોસાથે તારીખ અને સમય : ૧૬.૧૨.૨૦૨૬, સવારે ૧૧:૦૦ થી બપોર